મહત્ત્વાકાંક્ષી મનની ભય - હીનતા

મહત્ત્વાકાંક્ષી ચિત્ત ભયથી ભરેલું ચિત્ત છે અને હીનતા પણ તેની અંદર જ છે. હીનતાનો બોધ પણ એની અંદર છે. તો જે શિક્ષાની હું વાત કરી રહ્યો છું, તે પ્રત્યેક વ્યક્તિની અંદરથી હીનતાનો ભાવ મટાડવાનો પ્રયત્ન કરશે. હાલમાં એ પ્રત્યેક વ્યક્તિને હીનતાનો ભાવ દબાવવામાં અને શ્રેષ્ઠતાના ભાવને પકડવાની શિક્ષા છે. તે દરેક વ્યક્તિને શીખવાડે છે કે તમે હીનતાનો ભાવ ભૂલી જાઓ અને જો તમે પણ કંઇ છો તો પદ પર પહોંચો, ધન ભેગું કરો, તમે સિદ્ધ કરી દો કે તમે પણ કંઇ છો. તો એક વિપરીત સ્થિતિ બને છે, હીનતાની ભાવના અંદર બની રહે છે અને શ્રેષ્ઠતાની દોડ શરૂ થઈ જાય છે. શ્રેષ્ઠતા...ઉપરથી વ્યક્તિ દોડવા લાગે છે અને અંતરમાં હીન થવા લાગે છે, વાસ્તવિક શિક્ષા, જેને પ્રેમની શિક્ષા કહેવાય છે તે વ્યક્તિની અંદર શ્રેષ્ઠતાનો ભાવ ઉત્પન્ન નહીં કરશે. ફક્ત હીનતાનો ભાવ કેવી રીતે વિસર્જીત થાય તે જ શીખવાડશે. અત્યારે તો આપણે હીનતાના ભાવને ઉત્પન્ન કરાવીએ છીએ કારણ કે આપણે જો એને ઉત્પન્ન ન કરીએ શ્રેષ્ઠતાની દોડ શરૂ નથી થતી અને જો શ્રેષ્ઠતાની દોડ શરૂ ન થાય તો મહત્ત્વાકાંક્ષી માણસ બનશે કેવી રીતે? અત્યારે તો આપણે કહીએ છીએ કે 'અ' નામનો છોકરો 'બ' નામના છોકરાથી નબળો છે, બુધ્ધિહીન છે. 'અ' નામના છોકરાને આપણે કહીએ છીએ કે તું 'બ' નામના છોકરાથી આગળ વધ જો તું 'બ' થી કેટલો પાછળ છે, તું 'બ' ની સામે કંઇ જ નથી. 'બ' કેટલાં બધાં સર્ટિફિકેટ લાવી રહ્યો છે, કેટલા ગોલ્ડ મેડલ લાવી રહ્યો છે, તું તો કંઇ જ નથી. આપણે સરખામણીથી, તુલના કરીને પ્રત્યેક બાળકમાં હીનતાનો ભાવ ઉત્પન્ન કરાવીએ છીએ અને ભય ઉત્પન્ન કરાવીએ છીએ કે જો તું હીન રહી ગયો, પાછળ રહી ગયો તો તું નો બડી થઈ જશે, તો તું ક્યારેય કંઇ પણ નહીં બની શકે. તો આપણે એક ફીવર/જ્વર ઉત્પન્ન કરીએ છીએ, જેથી એ હીન હોવાના ભયથી ગભરાઈને ભાગે અને મહત્ત્વાકાંક્ષી બને.

જે શિક્ષાની હું વાત કરી રહ્યો છું તે સરખામણી નહીં શીખવાડે. તે શિક્ષા એવું નહીં કહેશે કે તું 'અ' થી પાછળ છે. તે શિક્ષા કહેશે કે તમે-તમે છો અને તમારા જેવી વ્યક્તિ ક્યારેય કોઈ થઈ નથી અને ક્યારેય કોઈ થશે નહીં. તે શિક્ષા એ શીખવાડશે કે પ્રત્યેક વ્યક્તિ બેજોડ, અદ્વિતીય અને યુનિક વ્યક્તિ છે, તેની તુલના જ અસંભવ છે. તે જેવી છે એવો કોઈ ક્યારેય થયો જ નથી અને ક્યારે થશે પણ નહીં. જેથી તેની તુલના કરવી કે તમે કોઈની આગળ છો અને કોઈની પાછળ છો એ નિરર્થક છે. તુલના તો ત્યારે થાય જ્યારે લોકો એક જેવા હોય. આવા પ્રેમની અવસ્થા ઉત્પન્ન થઈ શકે તેના માટે હીનતાને દબાવવાની જરૂર નથી અને હીનતાને ઉત્પન્ન કરવાની જરૂર નથી, શ્રેષ્ઠતાની જવરાઅસ્ત દોડ ઉત્પન્ન કરવાની નથી. હીનતાને મટાડી દેવાની છે. હીનતા અજ્ઞાનથી ઉત્પન્ન થઈ છે. અણસમજથી ઉત્પન્ન થઈ છે. હીન કોઈ છે જ નહીં. ન તો કોઈ મહાન છે કે ન તો કોઈ હીન છે કારણ કે બે જેવી એક વ્યક્તિ છે જ નહીં. એક-એક વ્યક્તિ એકલી છે એટલે તુલના કરવાનો કોઈ ઉપાય જ નથી. અત્યાર સુધીની તમામ શિક્ષા સરખામણી ઉપર નિર્ભર છે. સરખામણી હીનતા ઉત્પન્ન કરશે, શ્રેષ્ઠતા ઉત્પન્ન કરશે, સરખામણી ડર ઉત્પન્ન કરશે. આગળ દોડવાનો, પાછળ દોડવાનોનો ભાવ પેદા કરશે. સરખામણીથી બચવું પડશે. સરખામણીથી મુક્ત થવું પડશે. જે શિક્ષાની હું વાત કરી રહ્યો છું તેમાં સરખામણી માટે કોઈ અવકાશ નહીં હોય, સરખામણી નહીં હોય. આપણે એક એક વ્યક્તિને એવી ભાવદશામાં, એવા વાતાવરણમાં, એવા શિક્ષકો, એવા મિત્રો ને સ્કૂલમાં ઉછેરવાની કોશિશ કરીશું જ્યાં ભૂલથી પણ કોઈ સરખામણી કરતું ન હોય. એક-એક વ્યક્તિ જેવી છે તેવી સ્વીકૃત છે અને તે જેવી છે તેને આપણે કેવી રીતે વિકાસમાન કરીએ. તેના માટે ભૂમિ, વાતાવરણ તૈયાર કરવું પડશે.

ઓશો વાણી

જ્યાં શિક્ષક સહયોગી હોય, આપણે જેવા છીએ તે જ બનાવવામાં, જ્યાં પ્રત્યેક વ્યક્તિને જે તે બની શકે છે, જે એની સંભાવનાઓ છે, એની અંદર જે છુપાયેલું છે તેને પ્રગટ કરવા માટે સહયોગ મળશે. સરખામણીનો કોઈ અન્ય ભાવ ઉત્પન્ન કરવામાં ન આવે, ત્યારે હીનતા મટશે અને શ્રેષ્ઠતાની દોડ પણ મટી જશે અને ત્યારે મહત્ત્વાકાંક્ષા નહીં રહે અને તેવા ચિત્તમાં કે જેમાં હીનતા નથી, શ્રેષ્ઠતા નથી, સરખામણી નથી, ત્યાં પ્રેમનો પ્રાદુર્ભાવ થઈ શકે છે.

(ઓશો:શિક્ષા મેં ક્રાંતિ, પ્રવચન -૮ માંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે)

તમે-તમે છો અને તમારા જેવી વ્યક્તિ ક્યારેય કોઈ થઈ નથી અને ક્યારેય કોઈ થશે નહીં. તે શિક્ષા એ શીખવાડશે કે પ્રત્યેક વ્યક્તિ બેજોડ, અદ્વિતીય અને યુનિક વ્યક્તિ છે, તેની તુલના જ અસંભવ છે

પર્યાવરણ સુરક્ષા એ પૌરાણિક પરંપરા રહી છે

પાંચમી જૂન એટલે 'વિશ્વ પર્યાવરણ દિવસ' જોકે દર વર્ષે ઉજવાતા આ આંતરરાષ્ટ્રીય પર્વથી લગભગ બહુ ઓછા લોકો અજાણ હોય શકે. આ વખતે પર્યાવરણ દિવસની ઉજવણી વિશ્વ આખુ કાળજાળ ગરમીના વાતાવરણમાં ઉજવશે. આખા વિશ્વના કલ્યાણ માટે પર્યાવરણની જાળવણી ખૂબ જરૂરી છે અને એટલે જ આડેધડ કપાતા જંગલો, ફેક્ટરીઓ અને કારખાનામાંથી જળાશયોમાં છોડાતા ઝેરી પાણી અને વાતાવરણમાં છોડાતા નુકસાનકારક રાસાયણિક ગેસ અને વાયુ થકી ઉદભવેલી ખતરનાક પરિસ્થિતિથી જગતને બચાવવા આજથી 54 વર્ષ પહેલા 1972ની 5 જૂનથી 16 જૂન દરમ્યાન સ્વીડનના 'સ્ટોકહોમ' ખાતે વિશ્વ પર્યાવરણ સંમેલનનું આયોજન કરાયેલું તેમાં દેશના તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધી સહિત દુનિયાભરના દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધેલો. આ સંમેલનમાં વૈશ્વિક જાગૃતિ માટે ઘણા બધા નીતિ-નિયમો બનાવી પાંચમી જૂનને પર્યાવરણ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરાયું હતું. વિશ્વ પર જ્યારે પર્યાવરણલક્ષી સંકટ તોળાતું હોવાનું જણાયું ત્યારે સંમેલન યોજવુ અને પર્યાવરણલક્ષી કાયદા-કાનૂન બનાવવા માટે વિશ્વ સફાળુ જાગૃત થયું પણ ભારતીય સંસ્કૃતિમાં આપણા ઋષિ-મુનિઓ દ્વારા રચિત વેદ-પુરાણો અને ધર્મગ્રંથોમાં હજારો વર્ષ પહેલાં વૃક્ષ-વનસ્પતિ, જળ-વાયુ અને ધરતીને પૂજનીય અને સમ્માનિત સ્થાન અપાયું છે.

સંસ્કૃતિ દર્શન
સનત દવે

પર્યાવરણના સર્વાંગી સુરક્ષાનો વિચાર મૂળ તો ધર્મમાંથી ઉદભવેલો છે. શિવપુરાણમાં જોવા મળે છે કે-

'પિતૃવંશાસ્ત તારતેય
તસ્માદ વૃક્ષાંસ્તુ રીપએન્ત'

અર્થાતઃ વેરાન, ઉજ્જડ અને દુર્ગમ સ્થાનો પર વૃક્ષો વાવવાનું પુણ્યકાર્ય પિતૃઓને, વર્તમાન પેઢીઓને તથા આવનારી પેઢીઓને પણ તારી દે છે. મત્સ્યપુરાણમાં પણ 10માં અધ્યાયમાં દર્શાવાયું છે કે તમે એક વૃક્ષને વાવીને ઉછેરો છો તો દસ સંતાનોને ઉછેર્યા સમાન ફળ પ્રાપ્ત થાય છે. મનુસ્મૃતિમાં તો વૃક્ષને તમો ગુણ પ્રધાન કહેવાયું છે કે જેની ભીતર વિશેષ પ્રકારની સંવેદના હોવાથી સુખ-દુઃખને અનુભવી શકે છે. પદ્મપુરાણના સૃષ્ટિ ખંડના 20માં અધ્યાયમાં વૃક્ષ-પૂજનનું વર્ણન સવિસ્તર દર્શાવાયું છે. ભવિષ્યપુરાણના 10માં અને 11માં અધ્યાયમાં વૃક્ષોની યોગ્ય રોપણી અને ઉત્તમ પ્રકારના પોષણ થકી જાળવણીની વિગતો જોવા મળે છે. ભગવદ્ ગીતામાં વિભૂતિયોગમાં શ્રીકૃષ્ણ કહે છે **'અશ્વત્થઃ સર્વવૃક્ષાણામ'** એટલે કે (અશ્વત્થ) પીપળાના વૃક્ષનો મહિમા વર્ણવ્યો છે. ઋગ્વેદમાં દર્શાવાયું છે કે પ્રત્યેક મંગલકાર્યોમાં વૃક્ષ-વનસ્પતિના પૂજન, સ્પર્શ, સ્મરણ અને મહત્ત્વતા મંગલકારી છે. ઋગ્વેદમાં જ (1-48-5) વૃક્ષની પવિત્રતા દર્શાવતા જણાવ્યું છે કે વૃક્ષના મૂળમાં બ્રહ્મા, મધ્યભાગે વિષ્ણું અને અગ્રભાગે ભગવાન શિવનું સ્થાન છે. ઉપરાંત અન્ય બધા જ દેવોના સ્થાનવાળા વૃક્ષને પ્રણામ કરવાથી અનેક રોગ દૂર થાય છે. અગ્નિપુરાણ અને વરાહપુરાણમાં વૃક્ષો રોપણને અત્યંત અધિક પૂણ્યકાર્ય મનાયું છે અને વૃક્ષો દ્વારા માનવીય હિતોનો સાવિસ્તર ઉલ્લેખ કરાયો છે. દુર્ગા સપ્તસતીમાં કહેવાયું છે કે જ્યાં સુધી પૃથ્વી વૃક્ષો અને વનઆચ્છાદિત રહેશે ત્યાં સુધી માનવજાતિનું જીવન સુરક્ષિત રહેશે.

આયુર્વેદિક ઔષધિના પ્રાચીનગ્રંથ ચરકસંહિતામાં પણ દિવ્ય જડીબુટ્ટીઓ જે વન-જંગલોમાંથી પ્રાપ્ત થાય છે અને માનવજીવનની સ્વસ્થતા પ્રદાન કરે છે એવા વન-જંગલોના પ્રદુષણ મુક્ત પર્યાવરણ માટેની જાળવણી અને સંતુલિત સંરક્ષણ અને પોષણ માટેની ખૂબ જ મહત્ત્વની જાણકારી અપાઈ છે. વૈદિક કાળથી સૂર્ય, પૃથ્વી, અગ્નિ, જળ અને આકાશ એ માનવજીવનનો આધારસ્તંભ હોવાથી સમ્માનીય અને પૂજનીય રહ્યા છે. ઉંચી નાળીયેરી પરનું નાળીયેર શ્રીફળ તરીકે અને તુચ્છ ગણાતા ઘાસનું તણાખલું પણ દુર્વા તરીકે પવિત્ર હોવાનું માનતા સનાતન ધર્મમાં વડ, પીપળો, બિલ્વવૃક્ષથી લઈને તુલસીના છોડ સાથે સંડાડાયેલી અનેક વ્રત પૂજાઓ જોવા મળે છે. જે ધાર્મિક રીતે વૃક્ષો સાથે આત્મિયતા વધારે છે. પૌરાણિક કાળથી ચાલતી આવી પરંપરાઓને વર્તમાનની ધાર્મિક સંસ્થાઓ અને સંપ્રદાયો પણ પ્રોત્સાહિત કરે છે.

વૈષ્ણવ સમાજ શ્રીનાથજી અને કૃષ્ણને પૂજે છે, ગોકુળ, મથુરા, વૃંદાવન એ કૃષ્ણની લીલીછમ ભૂમિ, અહીંનો વૈષ્ણવ સમાજ પણ આ ભૂમિને વૃક્ષો થકી લીલીછમ રાખવા સતત પ્રયત્નશીલ છે. તો સ્વામીનારાયણ સંપ્રદાયનું વધુ વૃક્ષ વાવોનું અભિયાન સતત ચાલુ હોય છે. તેમના ગુરૂકુળોમાં પ્રત્યેક બાળકોને **એક વૃક્ષ માતાને નામ વાવોનું** શિક્ષણ જ નહિ પ્રેક્ટીકલ પરિણામ સાથે કાર્યરત રહે છે. આ સંપ્રદાય દ્વારા મહારાષ્ટ્ર અને ગુજરાત-સૌરાષ્ટ્રમાં 5500 કૂવાઓનું નિર્માણ કરાવી પાણીની સમસ્યાઓમાં રાહત અપાવી છે. તો વૈશ્વિક સંસ્થા તરીકે ખ્યાત ધર્મસંસ્થા ઈસ્કોન દ્વારા વધુ વૃક્ષો વાવો, જીવન બચાવોના ધોરણે વારંવાર વૃક્ષારોપણ કરતા રહે છે. આવી જ એક ધર્મસંસ્થા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા પર્યાવરણ સંરક્ષણના અનેક અભિયાનો દ્વારા વિશ્વ કલ્યાણના પ્રેરક કાર્યો થયા છે. એમાનું એક 'કલ્પતરું' અભિયાન દ્વારા 16,3,425 રજીસ્ટર્ડ પ્લાન્ટેશન કરાયું છે. માત્ર વૃક્ષારોપવાથી કાર્ય પૂરું નથી થતું તેની જાળવણી અને ઉછેરવા સુધીની જવાબદારી સંસ્થાના અનુયાયીઓ બેખૂબી નિભાવે છે. આ સંસ્થાના સાયન્ટીસ્ટ અને એન્જીનીયરીંગ વીંગના કો-ઓર્ડીનેટર બી.કે. ભારતભુષણ શનિવારે સુરતના બાલાજીરોડ, સેન્ટર ખાતે 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ કેમ્પેઈન' અભિયાન અંતર્ગત આવ્યા હતાં. તેમણે જણાવ્યું કે સંસ્થાના અનુયાયીઓની એક ટીમ આ અભિયાન અંતર્ગત ગઈ તા. 24મી મે એ આબુરોડથી નીકળી ખેડબ્રહ્મા, હિંમતનગર, અમદાવાદ, વડોદરા, ભરૂચ થઈ સુરત પહોંચી છે જે આગળ બીજા પંદરેક જેટલા શહેરોના સેન્ટર પર થઈને 12 જૂને નાગપુર પહોંચશે. 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ કેમ્પેઈન' એ પર્યાવરણલક્ષી અભિયાન છે. વધુને વધુ લોકો સુધી જળ, વાયુની શુદ્ધિકરણ અને વૃક્ષારોપણ અને ઉછેરનો સંદેશ પહોંચાડવાનો આ અભિયાનનો હેતુ છે. યોગ દ્વારા, ધ્યાન દ્વારા મનની સ્વચ્છતા પામી શકો છો પણ બહારી સ્વચ્છતા બહુ જરૂરી છે. પ્રદૂષણ મુક્ત વાતાવરણ, સ્વચ્છ હવા અને સ્વચ્છ પાણી એ બધુ માત્ર સરકારની જ જવાબદારી નથી આપણે પણ ભાગીદાર થઈ અને સ્વેચ્છાએ આપણી ધરતી, આપણા રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી નિભાવીએ.

વિશ્વભરમાં આ વખતે ગરમી એટલી બધી છે જે આપણે પણ અનુભવી રહ્યાં છીએ. આ ગ્લોબલ વોર્મિંગ અંગે વિશ્વભરના નિષ્ણાંતો વર્તમાન ભિષણ યુદ્ધની પરિસ્થિતિને જ જવાબદાર ગણે છે. ઈઝરાયલ, અમેરિકા અને ઈરાનના યુદ્ધમાં પણ અખાતના ઘણા બધા દેશો અસરગ્રસ્ત છે. ભારે

મત્સ્યપુરાણમાં પણ 101માં અધ્યાયમાં દર્શાવાયું છે કે તમે એક વૃક્ષને વાવીને ઉછેરો છો તો દસ સંતાનોને ઉછર્યાં સમાન ફળ પ્રાપ્ત થાય છે, મનુસ્મૃતિમાં તો વૃક્ષને તમો ગુણ પ્રધાન કહેવાયું છે કે જેની ભીતર વિશેષ પ્રકારની સંવેદના હોવાથી સુખ-દુઃખને અનુભવી શકે છે

વિસ્ફોટ, મિસાઈલોનો ઉપયોગ અને 800 જેટલી તેલ રિફાઈનરીઓમાં આગ લાગવાથી ભારી માત્રામાં ગ્રીનહાઉસ ગેસ નીકળે છે. ઉપરાંત યુદ્ધના કારણે કાર્બન ઉત્સર્જનથી તેના જહેરીલા ધુમાડા અને કાલિખ વાતાવરણનું તાપમાન સતત વધારે છે. આ ગ્લોબલ વોર્મિંગના કારણે આજે સર્વત્ર ગરમી ચરમસિમાએ છે. યુદ્ધ એ નવી વાત નથી. પૌરાણિક કાળમાં પણ યુદ્ધો થતાં જે આપણા શાસ્ત્રોમાં છે પણ તે યુદ્ધમેદાનમાં સામસામી સેનાઓ દ્વારા થતાં. જેમાં માનવીઓની પ્રાણીઓની જાનહાનિ થતી પણ સમય બદલાયો અને યુદ્ધના પ્રકારો બદલાયા. જૈવિક, રાસાયણિક યુદ્ધો સાથે શહેરોના શહેર બરબાદ કરી નાખતી અતિ શક્તિશાળી મિસાઈલો પર્યાવરણને પણ પારાવાર નુકસાન કરી રહી છે. વાતાવરણમાં પ્રસરી રહેલા ઝેરીલા વાયુ અને કાર્બન વર્ષો સુધી રહેશે જે માનવજીવનમાં સ્વાસ્થયલક્ષી બાબતો માટે ભારે ચિંતાજનક વિષય છે.

દેશમાં હાલ ગરમી પ્રવર્તે છે એ એટલી અસર યુદ્ધની આપણે અનુભવીએ છીએ તો હોર્મુઝ ખાડી જલ્દી નહી ખુલે તો ગેસ-પેટ્રોલની અછત કે મોંઘુ થાય તેવી અસરનો પણ ભવિષ્યમાં સામનો કરવો પડે. બાકી તો ૩મી જૂને પર્યાવરણ દિવસે, પ્રધાનો, સંસ્થાઓના હોદેદારો કે કેટલાક હરખપદુડાઓ વૃક્ષની રોપણી કરતા ફોટાઓ પડાવી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કર્યાનો સંતોષ માની લેશે. ખરેખર મિત્રો, આપણે પણ આ દિવસે આપણું શું કર્તવ્ય હોય? આપણું શું યોગદાન હોઈ શકે?! એ જાતને પૂછીને જરૂર યોગ્ય લાગે તો આજુબાજુમાં એક કે તેથી વધુ વૃક્ષ વાવજો અને એ પણ એટલી શરતે કે પછી તેનો ઉછેર પણ કરવાનો છે. પાણી પાવાનું, ગાય-બકરા વાવેલ છોડને ચાવી ના જાય કે કોઈ એ નષ્ટ ના કરી દે એટલું ધ્યાન રાખવાનું કે એવી કોઈ વ્યવસ્થા રાખવાની. એ માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહિ પણ રાષ્ટ્રધર્મ સમજીને કે વિશ્વકલ્યાણના કાર્યમાં મારો પણ સહયોગ સમજીને કરવાનું કાર્ય છે.



તમે-તમે છો અને તમારા જેવી વ્યક્તિ ક્યારેય કોઈ થઈ નથી અને ક્યારેય કોઈ થશે નહીં. તે શિક્ષા એ શીખવાડશે કે પ્રત્યેક વ્યક્તિ બેજોડ, અદ્વિતીય અને યુનિક વ્યક્તિ છે, તેની તુલના જ અસંભવ છે

॥ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ॥ **લેખાંક-૬૬**

વાત્સલ્યભાવની પરાકાષ્ઠા

જ્યારે 'મણિગ્રીવ' અને 'નલકુબેર' બંનેએ સ્તુતિ સમાપ્ત કરી અને પ્રભુના ચરણસ્પર્શ કર્યા ત્યારે ખાંડણીયાથી બંધાયેલા ભગવાન હસ્યા અને જવાબમાં કહ્યું કે "આગલા જન્મમાં નારદજીએ તમને નરકમાં જતા બચાવવા માટે જે શ્રાપ આપ્યો હતો તેના સો દિવ્યવર્ષ પૂરાં થઈ ગયાં છે માટે હવે તે શ્રાપ પૂરો થઈ ગયો છે. તમારું જીવન હવે સફળ થઈ ગયું છે. તમારા હૃદયમાં હવે મારા પ્રત્યે ઉત્કૃષ્ટ પ્રેમ ઊભરી આવ્યો છે, આથી હવે આ સંસારમાં આ તમારો અંતિમ જન્મ છે." ભગવાનની વાણી સાંભળી બંનેએ તેમની પરિક્રમા કરી અને પ્રણામ કરી ત્યાંથી ઉત્તર દિશા તરફ ચાલ્યા ગયા અને બાળકૃષ્ણ એ જ ખાંડણીયા સાથે ત્યાં બંને વૃક્ષ વચ્ચે બેસીને બાળસ્વભાવથી હસવા માંડ્યા.

રાધાજી અને લલિતા સહિતની બાળગોપીઓ અને અન્ય વરિષ્ઠ ગોપીઓએ આ દ્રશ્ય જોયું. તેઓ વિસ્મય પામતી, બરાડા પાડતી, દોડતાં દોડતાં માતા યશોદા પાસે જઈ કપકાની ભાષામાં કહેવા લાગી, "જલ્દી ચાલો. વ્રજના લોકો જેમની માનતા રાખતા હતા, તે બંને આસોન્દ્રાના વૃક્ષ તમારા પુત્ર પર પડ્યાં છે. વાછરડાની પેઠે ખૂબ મજબૂત રીતે બંધાયેલો તમારો પુત્ર બંને વૃક્ષોની વચ્ચે આવી જઈને હસ્યા કરે છે. જલ્દી ઊઠો અને તમારા મૃત્યુના મુખમાંથી ઊગરી ગયેલા પુત્રને તેડી લો. માંડ માંડ પ્રાપ્ત થયેલા સુંદર નટખટ પુત્રને આ રીતે ખાંડણીયા સાથે પશુની જેમ બાંધતા તમને વિચાર નહિ આવ્યો? દયા પણ નહિ આવી? ભગવાનનો પાડ માનો કે તમારા લાડલા દીકરા પરથી મોટી વાત ગઈ."

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

યશોદામૈયા રાધાજીને ઓળખી ગયાં કારણ કે આ એ જ રાધાજી હતાં કે જેમણે પાંચ વર્ષ સુધી આંખ ખોલી ન હતી પરંતુ તાજેતરમાં જ વૃષભાનુને ત્યાં સંબંધી તરીકે લાલાને સાથે લઈને નંદ અને યશોદા ભોજન કરવા ગયાં હતાં ત્યારે લાલાના આગમનની પ્રતીક્ષા કરતા હોય તેમ રાધાજીએ આંખો ખોલી હતી અને સહુ પ્રથમ લાલાના ચહેરાને નિહાળ્યો હતો.

યશોદાજી ઘરમાંથી ઊઠીને દોડતાં દોડતાં ત્યાં પહોંચ્યાં. ખૂબ કોલાહલ થતો જોઈ નંદ અને અન્ય ગોવાળિયાઓ પણ ત્યાં પહોંચ્યા. ત્યાં ફરી રહેલા ગોવાળિયાઓ કે જેમણે આ દ્રશ્ય જોયું હતું તેઓ કહેવા લાગ્યા કે, ''પ્રચંડ વાયુ વાયો નથી, વરસાદ આવ્યો નથી, વીજળી પડી નથી, હાથી કે અન્ય કોઈ કદાવર પ્રાણી પણ અહીં મસ્તી કરતા જોવામાં આવ્યું નથી તે છતાં પણ વ્રજમાં વર્ષોથી રહેલા આશીર્વાદરૂપ આ બંને ઝાડ પડી કેમ ગયાં હશે? કોણે પાડ્યાં હશે? અમે તો આ ઝાડ પડ્યાં ત્યારે તેમાંથી બે પુરુષોને નીકળતા પણ જોયા છે.''

વ્રજવાસીઓએ કહ્યું કે વ્રજનું કલ્યાણ કરનારા આ બંને વૃક્ષો મૂળમાંથી ઉખડીને પડવા છતાં પણ ધરતી પર પડતાં પડતાં તમારા બાળકને બચાવ્યો છે. તમારા પર જો આ દેવતાઈ વૃક્ષોની કૃપા ન હોય તો તેમની વચ્ચે આવી ગયેલો બાળક બચે જ કઈ રીતે? કદાચ દેવયોગથી બચી પણ જાય તો પણ જખમી થયા વગર કેમ રહે? બાળકના ખેંચવાથી વૃક્ષો પડી ગયાં પરંતુ ખાંડણીયા સાથે બાંધેલી સૂતરની દોરી તૂટી નહિ ગઈ તે પણ મોટું આશ્ચર્ય છે. નંદે બાળકૃષ્ણને વૃક્ષોની નીચેથી તેડી લીધા, ખાંડણીયાના બંધનમાંથી પડ્યાં પરંતુ પ્રભુનો તો સ્વભાવ છે કે, 'જે જીવ તેમના માટે રડે છે તેમને મળવા તેઓ દોડી જાય છે. ભક્ત બનેલો જીવ રડે તે પરમાત્માથી સહન થતું નથી'. અહીં પણ એ જ થયું. યશોદાજીને રડતા જોયાં અને લાલાથી રહેવાયું નહિ. તેઓ દોડતાં દોડતાં માની ગોદમાં જઈ બેસી ગયા. માની ગોદમાં બેસી પીતાંબરથી માનાં આંસુ લૂછવા માંડ્યા.

પ્રભુનો તો સ્વભાવ છે કે, 'જે જીવ તેમના માટે રડે છે તેમને મળવા તેઓ દોડી જાય છે. ભક્ત બનેલો જીવ રડે તે પરમાત્માથી સહન થતું નથી'. અહીં પણ એ જ થયું. યશોદાજીને રડતા જોયાં અને લાલાથી રહેવાયું નહિ. તેઓ દોડતાં દોડતાં માની ગોદમાં જઈ બેસી ગયા

યશોદાજી વિચારે છે કે મારો લાલો કેવો ડાહ્યો છે. મારી આંખમાં આવેલાં આંસુ તેનાથી સહન થતાં નથી. એ તો મને બહુ જ વહાલ કરે છે પરંતુ મારી જ બુદ્ધિ બગડી એટલે મેં તેને બાંધ્યો હતો. તેઓ લાલાને સમજાવે છે કે, ''બેટા મેં તને બાંધ્યો તે મારી ભૂલ હતી. તું ભૂલી જા કે મેં તને બાંધ્યો હતો. હવે હું તને ક્યારેય નહિ બાંધું.'' ત્યારે કનૈયો કહે છે કે, ''મા, હું બીજા કોઈથી બંધાયો નથી પરંતુ માની પ્રેમરૂપી દોરીથી બંધાયો છું. તારા પ્રેમબંધનને હું રોજ યાદ કરીશ''. આ પ્રસંગની કલ્પના કરી જો ભાવપૂર્વક દ્રશ્યમાન સ્વરૂપે નિહાળીએ તો 'અહીં વાત્સલ્યભાવની પરાકાષ્ઠા જ નજરે પડે છે અને આ જ દામોદરલીલાનું મહત્ત્વ છે.'

દામોદરલીલામાં ઉલ્લેખ થયેલ દોરી બાબત મહાત્માઓના વિચારો પણ જાણવા જેવા છે. કેટલાક કહે છે કે દોરીને શ્રીકૃષ્ણનો સ્પર્શ થયો એટલે દોરીનો સ્વભાવ બદલાઈ ગયો. દોરી પોતે જ મુક્ત થઈ ગઈ તો પછી હવે બીજાને ક્યાંથી બાંધી શકે? અન્ય મત પ્રમાણે દોરીને શ્રીકૃષ્ણના કોમળ અંગની દયા આવી અને તે કારણે તે બંધાતી નથી. દોરીમાં પરમાત્માની ઐશ્વર્ય શક્તિએ પ્રવેશ તો કર્યો પરંતુ પ્રભુએ તેને હુકમ કર્યો કે માની ઈચ્છા મને બાંધવાની છે તો ભલે બાંધે. આમ ઐશ્વર્ય શક્તિએ દોરડામાંથી વિદાય લીધી.

નંદબાબા આ પ્રસંગ પછી યશોદાજી પર નારાજ થયા અને હવે પુત્ર પર કોઈ દિવસ આવી સખ્તાઈ નહિ કરવાનો ભલામણભર્યો આદેશ પણ આપ્યો. સાથે જ પુત્રનો ચમત્કારી બચાવ થવાને કારણે ધર્મ-દાનો પણ કર્યાં. (ક્રમશઃ)